# મેઘરજના લીંબોદરા ગામે એસ.કે-૩ યોજનાના સંપમાંથી લાખ્ખો લીટર પાણીનો વેડફાટ




મેઘરજ, તા. ૨

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકામાં ચોમાસામાં નહિવત અને ઓછા વરસાદના પગલે મેઘરજ નગર સહીત અંતરિયાળ વિસ્તારોમાં પાણીની સમસ્યા વિકટ બની છે. ગ્રામ્ય વિસ્તારોમાં મહિલાઓ એક બેડાં પાણી માટે ભારે રઝળપાટ કરી રહી છે. રાજ્ય સરકાર દ્વારા પાણીની તંગીથી પીડાતા છેવાડાના ગ્રામ્ય વિસ્તારો સુધી પાણી પહોંચાડવા માટે અબજો રૂપિયાના એંધાણ કરી રહી હોવા છતાં અણધડ વહીવટ અને ભ્રષ્ટાચારથી ખદબદતા પાણી પુરવઠા તંત્રના ભોગે લોકો પાણી વગર ટળવળી રહ્યા છે. જીલ્લાના મેઘરજ તાલુકાના લીંબોદરા ગામે આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની તંગી નિવારવા પાણી પુરવઠા તંત્રે એસકે-૩ યોજના હેઠળ સંપ અને પાણીની ટાંકી બનાવવામાં આવી છે જેમાંથી શનિવારે સંપ અને ટાંકી માંથી લાખ્ખો લીટર પાણીનો વેડફાટ થતા લોકો નિસાસા નાખતા નજરે પડ્યા હતા.

મેઘરજ તાલુકાના લીંબોદરા ગામે પણ એસકે-૩ યોજના અંતર્ગત પાઈપલાઈન દ્વારા પાણી આપવામાં આવે છે. પાણીપુરવઠા તંત્રએ ગામના પાદરે પાણીના સંગ્રહ માટે ગામના પાદરે સંપ બનાવવામાં આવ્યો છે. આ સંપમાં એસકે-૩ યોજના અંતર્ગત પાઈપલાઈન મારફતે પાણી પહોંચાડી પાણીનો સંગ્રહ કરવામાં આવે છે અને ત્યાંથી વાલ્વ ખોલી આગળના ગામમાં પાણી પહોંચાડવામાં આવે છે. શનિવારે સાંજના સુમારે લીંબોદરા ગામના સંપ અને ટાંકાની બંને બાજુએથી છેલ્લા કેટલાક કલાકોથી પાણીનો વ્યય થતા અને લાખ્ખો લીટર પાણી વાઘામાં વહી જતા પાણીથી ટળવળતા લોકોમાં રોષ ફાટી નીકળ્યો હતો. સંપમાંથી પાણી ચાલુ બંધ કરવા માટે જે તે વિભાગ દ્વારા કર્મચારી નિયુક્ત કારેલ હોય છે પરંતુ તંત્રની બેદરકારીના કારણે આ પાણી વ્યર્થ વહી ગયું હતું.

લીંબોદરા-૨ માં પાણી માટે લોકો રઝળપાટ કરી રહ્યા છે જ્યારે બીજી તરફ તંત્રની બેદરકારીના કારણે હજારો લીટર પાણી વેડફાઈ રહ્યું છે. ગામના જાગૃત નાગરિકોએ આ બાબતે સંબંધિત વિભાગના અધિકારીને જણાવ્યું હતું એટલું જ નહીં પાણી પુરવઠા વિભાગ દ્વારા બહાર પડેલ ફરિયાદના ટોલફ્રી નંબર પર પણ ફરિયાદ કરી છે પરંતુ તંત્રના પેટનું પાણી પણ હાલતું નથી અને આકરા ઉનાળે પાણીની તંગી વચ્ચે સોનાના મોલનું પાણી વ્યર્થ વેડફાઈ રહ્યું હોવાનું ગામલોકોએ જણાવ્યું હતું.

### યુનિવર્સિટી દ્વારા અધુરો અભ્યાસ પૂરો કરવા

# વિદ્યાર્થીઓને પુનઃ પ્રવેશ આપવાની દિશામાં સઘન રીતે વિચારવું જોઈએ

### બાકી રહી ગયેલું શિક્ષણ પુરૂ કરવા વિદ્યાર્થીઓની ઉઠી રહેલી માંગ

મોડાસા, તા. ૨

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં જ જે વિદ્યાર્થીઓ સ્નાતક અને અનુસ્નાતક માં અભ્યાસક્રમમાં પ્રવેશ લઈ અભ્યાસક્રમની ત્રણ વર્ષની અને બે વર્ષની સમયમર્યાદામાં અભ્યાસક્રમ ફેલ થવાના કારણે પૂરો કરી શક્યા ન હોય તેવા વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને એક તક આપવા માટે તેમની પરીક્ષા લેવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ત્યારે યુનિવર્સિટી દ્વારા જે વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ કોઈ કારણોસર અધવચ્ચે પૂરો કરી શકયા ન હોય તેમને આગળના સેમેસ્ટરમાં પ્રવેશ આપવા માટે નિર્ણય લેવામાં આવે તો ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લાના હજારો વિદ્યાર્થીઓને તેનો લાભ મળી શકે તેમ છે અને ઉત્તર ગુજરાતનું શિક્ષણનું સ્તર પણ ઉંચુ આવશે.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા સ્નાતક અને અનુસ્નાતકકક્ષાએ જે વિદ્યાર્થીઓ પોતાની ટર્મ દરમિયાન કોઈ સેમેસ્ટરમાં નાપાસ થવાના કારણે અભ્યાસક્રમ પૂરો કરી શક્યા ના હોય અને તેમનું રજિસ્ટ્રેશન રદ થયું હોય તેવા વિદ્યાર્થીઓને અભ્યાસ માટેની વધુ એક તક આપવા માટે યુનિવર્સિટીએ આવા વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે તે બાબત વિદ્યાર્થીઓ માટે આવકારદાયક છે ત્યારે યુનિવર્સિટી દ્વારા જે વિદ્યાર્થીઓ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં કોઈ કારણોસર એક વર્ષ કે બે વર્ષ સુધીનો અભ્યાસક્રમ પૂરો કર્યા બાદ બાકીનો અભ્યાસ પૂરો કરી શક્યા ન હોય અને આવા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન રદ થયું હોય અને વિદ્યાર્થીઓનો અભ્યાસ અધવચ્ચે રહી ગયો હોય અને આવા વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસક્રમ પૂરો કરવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટી દ્વારા બાકી રહી ગયેલો અભ્યાસક્રમ પૂરો કરવા માટેની તક આપવામાં આવે અને આવા વિદ્યાર્થીઓને અભ્યાસક્રમમા પુનઃ પ્રવેશ આપવામાં આવે તો હજારો વિદ્યાર્થીઓ પોતાનો અધુરો રહી ગયેલો અભ્યાસક્રમ પૂરો કરી શકે તેમજ ઉત્તર ગુજરાત સાથે સંકળાયેલા પાંચ જિલ્લાના લાખો વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સ્તર પણ ઊંચું આવી શકે તેમજ વિદ્યાર્થીઓ પોતાનો અધુરો અભ્યાસક્રમ પૂરો કરી વધુ આગળ અભ્યાસ કરી શકે તેમજ સરકારી નોકરીઓમાં પણ તેમને લાભ થઈ શકે.

અભ્યાસક્રમ અધુરો રહી ગયો હોય તેવા વિદ્યાર્થીઓને પુનઃ પ્રવેશ આપવા યુનિવર્સિટીએ વિચારવું જોઈએ

# ભિલોડા તાલુકાના વિવિધ અંતરીયાળ ગ્રામ્યવિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા

### હેન્ડપંપો શોભાના ગાંઠીયા સમાન




ભિલોડા,તા.૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં જુન મહિનાની શરૂઆતમાં જ ગરમીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં વિવિધ અંતરીયાળ ગ્રામ્યવિસ્તારોમાં ઠેર-ઠેર પીવાના પાણીની સમસ્યા સર્જાઈ છે.લાખ્ખો રૂપિયાના ખર્ચે બનાવેલા હેન્ડપંપો શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ રહ્યા છે.વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ જાણે કે કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે.ઉનાળાની સિઝન દરમ્યાન એક તરફ પાણીનો વપરાશ વધતાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાતાં પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

અસહ્ય કાળઝાળ આગ ઝરતી ગરમીનો પ્રકોપ દિન-પ્રતિ-દિન વધતાં કુવા,રીંગબોર, નદી,નાળા,તળાવો,જળાશયોમાં પાણી એકા-એક ઓસરતાં આગામી સમય દરમ્યાન પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.અબોલા પશુ,પંખીઓની દયનીય હાલત સર્જાઈ છે.અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં ઠેર-ઠેર પીવાના પાણીના પોકાર સંભળાઈ રહ્યા છે.ગ્રામ્ય વિસ્તારોમાં લાખ્ખો રૂપિયાના ખર્ચે બનાવેલા અને અધિકારીઓ,કોન્ટ્રાક્ટરોની મીલીભગતથી લાખ્ખો રૂપિયાની કટકી કરી બનાવેલા હેન્ડપંપો આજે તો ખરા સમયે શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ રહ્યા છે.આકાશમાંથી અગનગોળા વરસતાં હોય તેવું વાતાવરણ સર્જાતાં આગામી દિવસોમાં ગરમીનું તાપમાન એકાએક વધશે તેવા એંધાણ વર્તાય રહ્યા છે.અંતરીયાળ ડુંગરાળ ગ્રામ્ય વિસ્તારોમાં કુવા,રીંગબોરમાં પાણી ઓસરતાં પીવાની પાણીની ગંભીર સમસ્યા વધુ વિકટ બનશે તેમ આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

ભિલોડા તાલુકામાં હાથમતી,ઈન્દ્રાસી,મેશ્વો નામના ત્રણ જળાશયો આવેલા છે પરંતુ જળાશયોમાં ચોમાસા દરમ્યાન ભરાતા પાણીનો યોગ્ય લાભ આ વિસ્તારના પ્રજાજનોને કેમ મળતો નથી ? ગ્રામ્યવિસ્તારોમાં પીવાના પાણીનો અને સિંચાઈના પાણીનો પ્રાણ પ્રશ્ન ક્યારે હલ થશે ? તેમ લોકમુખે ચર્ચાય છે.હજ્જારો હેક્ટર ખેતીલાયક ફળદ્રૂપ જમીનો સિંચાઈના પાણીના અભાવે પડતર રહેતાં ખેતરો ઠેર-ઠેર સુકાભઠ્ઠ દેખાતા હોય છે.ખેડુતોને વ્યાપક નુકશાન સહન કરવાનો વારો આવતો હોય છે.ભુગર્ભ જળસ્ત્રોત એકાએક ઉંડા ઉતરતાં ખેડુતો ચિંતીત છે.

જેસીંગપુર,હાથીયા,મહેરૂ,નવા ભેટાલી, વાંકાનેર, ભાણમેર, જેતપુર, ધોલવાણી, નાંદોજ, મોંધરી સહિત અંતરીયાળ ડુંગરાળ ગ્રામ્યવિસ્તારોના જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ પીવાના પાણીની ગંભીર સમસ્યા હોવાના કારણે મહિલાઓ,બાળકોને દુર-દુર સુધી પીવાનું પાણી ભરવા માટે સીમાડા ખુંદવા પડતા હોય છે.વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા પીવાનું પાણી અને સિંચાઈના પાણીની યોગ્ય વ્યવસ્થા કરવા પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.

ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરોના કારણે ભુગર્ભ જળસ્ત્રોત ભયજનક રીતે દિન-પ્રતિ-દિન ઉંડા ઉતરતાં આગામી સમય દરમ્યાન પાણીની તીવ્ર તંગી વર્તાશે તેમ જાણવા મળેલ છે.

ભિલોડા તાલુકામાં વર્ષો પહેલાં વિવિધ નદીઓ બારેમાસ વહેતી હતી ત્યારે દસ થી પંદર ફુટના કુવામાં બારેમાસ પીવાનું શુધ્ધ પાણી મળી રહેતું હતું.સરકાર ધ્વારા ખેત તલાવડી,આડબંધ,બોરીબંધ,ચેકડેમો ધ્વારા ચોમાસા દરમ્યાન વરસાદી પાણી ભુર્ગભમાં ઉતારવાના ભગીરથ પ્રયાસો હાથ ધર્યા પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે વિવિધ સરકારી યોજનાઓ લાભાર્થીઓ,કોન્ટ્રાક્ટરો,એજન્સી સંચાલકો અને અધિકારીઓને માલામાલ કરી દેતા માત્ર નામ પુરતા પાણી સંગ્રહના સ્ત્રોત પણ અદશ્ય થઈ રહ્યા છે ત્યારે ભુર્ગભ જળ સ્ત્રોત ભીષણ ગરમીના કારણે એકાએક ઉંડા ઉતરતાં તેની વિપરીત અસરો દેખાઈ છે.

### મોડાસામાં નેતાની મુલાકાત સમયે સ્વચ્છ મોડાસાની છબી

# હકીકત અલગ, ગંદકીથી ખદબદતુ મોડાસા




મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં ભાજપના કોઈ મોટા કદના નેતા આવવાના હોય તો ત્રણ દિવસ પહેલા મોડાસાના તમામ રાજ્યમાર્ગો પર સફાઈ અભિયાન હાથ ધરી સ્વચ્છ છબી મોડાસાની ઉપસાવવા અથાગ પ્રયત્નો વહીવટીતંત્ર અને નગરપાલિકાતંત્ર કરતુ હોય છે. સ્વચ્છતા અભિયાન કાર્યક્રમમાં રાજ્યમંત્રી કે પ્રભારી મંત્રી જે સ્થળે કાર્યક્રમ હોય તે સ્થળ પહેલાથી સાફસૂથરૂ કરી સ્વચ્છતા અભિયાનનું નાટક છેલ્લા કેટલાક વર્ષોથી મોડાસા શહેરમાં ભજવાઈ રહ્યું છે. ગાંધી જયંતીના દિવસે પ્રભારીમંત્રી રમણલાલ પાટકરે સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું હતું તે સ્થળે ગંદકીના ઢગ ખડકાતા અને અસહ્ય દુર્ગંધથી કુંભારવાડા અને સગરવાડા વિસ્તારના રહીશો તોબા પોકારી ઉઠ્યા છે.

મોડાસાના કુંભારવાડા તેમજ સગરવાડા વિસ્તારમાં ગંદકીએ જાણે ઘર કર્યું હોય તેવા દ્રશ્યો ઠેર ઠેર જોવા મળી રહ્યા છે એટલું જ નહી આજથી આઠ મહિના પહેલા એટલે કે, બીજી ઓક્ટોબર ગાંધી જયંતિના દિવસે તંત્ર દ્વારા સગરવાડા વિસ્તારમાં સાફ-સફાઈ કરીને ગંદકી દૂર કરી હતી તે સ્થળ અને વિસ્તારમાં ગંદકીનો ખડકલો થતા સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડી રહ્યા છે.

સ્થાનિક લોકના જણાવ્યા અનુસાર નગરપાલિકાતંત્ર દ્વારા સાફ-સફાઈ તો કરવામાં આવે છે પણ જેસીબી દ્વારા બીજેથી કચરો લાવીને આ જગ્યાએ ઠાલવી દેતા હોવાથી ગંદકી ઓછી થવાને બદલે વધે છે .અસહ્ય ગંદકીના પગલે આજુબાજુ વિસ્તારના રહીશો બીમારીમાં એકલ-દોકલ પટકાઈ રહ્યા છે અને આ વિસ્તારમાં ખડકેલા ઢગ સત્વરે દૂર નહિ થાય તો રોગચાળો ફાટવાની દહેશત વ્યક્ત કરી હતી અને સ્થાનિક લોકોએ આ વિસ્તારમાંથી ગંદકીના ઢગ દૂર કરવામાં આવેની માંગ કરી હતી અને ગટરો પણ ઉભરાતા પાણીજન્ય રોગચાળામાં રહીશો પટકાઈ રહ્યા છે.

# મોડાસા શહેરમાં ગુરૂ મહંત શ્રી શ્રી ૧૦૦૮ તુલજારામજી મહંત ગુરૂદેવનો આશીર્વચન સમારોહ યોજાયો

મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં શનિવારે રાત્રીના સુમારે ખેતેશ્વર બ્રહ્મધામ તીર્થ આસોત્રા(રાજસ્થાન)થી રાજપુરોહિત સમાજના ગુરૂ મહંત શ્રી શ્રી ૧૦૦૮ તુલજારામજી મહંત ગુરૂદેવનો આશીર્વચન સમારોહ યોજાયો હતો. જેમાં મોડાસાના ઉમિયામાતાના મંદિરથી મહંતને દિવ્ય રથમાં બિરાજમાન કરી અને રાજસ્થાનના રાજપુરોહિત સમાજના લોકો ફૂલડેથી વધાવતા વધાવતા અને ડીજેના તાલે નાચતા ઝૂમતા અબાલ, વૃદ્ધ સૌ કોઈ જોવા મળ્યા હતા. આ પ્રસંગે સાબરકાંઠા અરવલ્લી તથા ઉત્તર ગુજરાતના સમસ્ત રાજસ્થાની પુરોહિતો ઉપસ્થિત રહ્યા હતા.

ખેતેશ્વર બ્રહ્મધામ તીર્થ આસોત્રા(રાજસ્થાન)થી રાજપુરોહિત સમાજના ગુરૂ મહંત શ્રી શ્રી ૧૦૦૮ તુલજારામજી મહંત ગુરૂદેવનો ગણપતિ રિદ્ધિસિદ્ધિ વિનાયક મંદિર પાસે આવેલ દેવભૂમી સોસાયટીમાં ભગવાનદાસ રાજપુરોહિતના ઘરે પધરામણી કરી હતી જેમાં હજારોની સંખ્યામાં રાજપુરોહિતો ઉમટી પડ્યા હતા. આ રાજપુરોહિતોએ શ્રી શ્રી ૧૦૦૮ તુલજારામ મહંતનું ભજન સંધ્યા અને સત્સંગ તથા મહાપ્રસાદનો લાભ લીધો હતો જ્યારે આ પધારેલ મહંતના ચરણોમાં પુષ્પાંજલિ કરતા કરતા વ્યાસપીઠ ઉપર લઈ જવામાં આવ્યા હતાં તો સમાજની દીકરીઓએ કળશયાત્રા સાથે મહંતોને વધાવામાં આવ્યા હતાં.

# વડગામ તાલુકા માં બે ગ્રામ પંચાયતના સરપંચ માટેની પેટાચૂંટણી યોજાશે

વડગામ તાલુકા ની બે ગ્રામ પંચાયત માં સરપંચ ની પેટાચૂંટણી યોજાશે જેનું જાહેરનામું પ્રસિદ્ધ થતાં જ બંને ગામના લોકોમાં ચુંટણીનો ગરમાવો આવી ગયો છે કરનાળા ગૃપ ગ્રામપંચાયત માં ચૂંટાયેલા સરપંચ નું માંદગી બાદ અવસાન થવા પામ્યું હતું જ્યારે ટીમ્બાચુડી ગામમાં મહીલા સરપંચ દ્વારા ગામના અનેક વિવાદોને લઈને અઢી વર્ષ ના સમય ગાળા દરમિયાન જ રાજીનામું ધરી દેતાં વહીવટી તંત્ર ને આ બંને પંચાયતો માં ચુંટણી યોજવાની ફરજ પડી છે સાથે સાથે વોર્ડના સભ્યોની ની પણ પેટાચૂંટણી માટે નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયું છે પરંતુ વોર્ડના સભ્યો માટે ની પેટાચૂંટણી માં અંધારીયા, ફતેગઢ, અને ઈકબાલગઢ ગામમાં અનુસૂચિત જાતિ ના લોકો માટે ચુંટણી યોજાનાર છે જેને લઈને ચુંટણી નો ગરમાવો જોવા મળી રહ્યો છે કરનાળા માં સામાન્ય બિન અનામત સરપંચ અને ટીમ્બાચુડી માં સામાન્ય મહિલા સરપંચ ની પેટાચૂંટણી યોજાશે જેમાં ફોર્મ ચકાસણી તા ૩/૬/૨૦૧૯ ના હાથ ધરાશે અને પરત ખેંચવાની તા ૪/૬/૨૦૧૯ ત્યાર બાદ તા ૧૬ /૬/૨૦૧૯ ના ચુંટણી યોજાશે.

# અરવલ્લી જીલ્લા પોલીસતંત્રની દેશી દારૂની ભઠ્ઠીઓ નાશ કરવા દોડાદોડી

### અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો ગુજરાતમાં વિદેશી દારૂ ઘુસાડવાનું એપી સેન્ટર છે જીલ્લામાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ અને જુગારની બદીએ માજા મૂકી છે પોલીસતંત્રની રહેમનજર હેઠળ






મોડાસા, તા. ૨

મોડાસા તાલુકાના જીવણપુર નજીક આવેલ છારાનગરમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓના દારૂની જીલ્લા સહીત અમદાવાદ સુધી માંગ હોવાથી દરરોજ હજ્જારો લીટર દેશી દારૂ વિવિધ વાહનો મારફતે પહોંચાડવામાં આવી રહ્યો હોવાનું જગજાહેર છે. રાજ્ય પોલીસવડા શિવાનંદ ઝાએ રાજ્યમાં ચાલતા તમામ દારૂ અને જુગારની બદીને નાથવા આદેશ કરતા અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર હરકતમાં આવી પ્રોહિબિશન ડ્રાઈવ અંતર્ગત જીલ્લાના વિસ્તારોમાં ચાલતી દેશી-વિદેશી દારૂની હાટડીઓ અને જુગારધામ પર દરોડા પાડી નેસ્તનાબૂદ કરવા દોડધામ ચાલુ કરી છે.

પોલીસવડા મયુર પાટીલના માર્ગદર્શન હેઠળ ડીવાયએસપી ઈશ્વર પરમાર (પ્રોબેશનલ) અને જીલ્લા એલસીબી પોલીસે મોડાસા તાલુકા અને બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓનો નાશ કરવા તવાઈ બોલાવી હતી.

મોડાસા તાલુકાના જીવણપુર ગામ નજીક ત્રાટકી લતાબેન ભોપાલભાઈ છારાના ઘર આગળ દેશી દારૂ ગાળવાની ૩ લીટર દેશી દારૂ કીં. રૂ.૬૦/- તથા ૧૫ લીટર ઉકળતો દેશી દારૂનો વોશ અને મુદ્દામાલ મળી કુલ રૂ.૧૧૦/- જપ્ત કરવામાં આવ્યો હતો. માનુબેન રમેશભાઈ છારા ઘર આગળ દેશી દારૂ ગાળવાની ૨ લીટર દેશી દારૂ કીં. રૂ.૪૦/- તથા મળી કુલ રૂ. ૯૦ નો મુદ્દામાલ જપ્ત કરી અન્ય એક મહિલા બુટલેગર શર્મિલા મુકેશભાઈ છારા ઘરની દીવાલ પાછળ દેશી દારૂ ગાળવા તૈયાર કરેલ મહુડાનાં વોશ ભરેલ ૧૦ માટલા કુલ લીટર-૧૦૦ કીં. રૂ.૨૦૦ નો જથ્થો જપ્ત કરી ત્રણે મહિલા બુટલેગરો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી.

બાયડ તાલુકાના આકોડીયા ગામે મહેશ પુનાભાઈ ઝાલાના ખેતરમાં ત્રાટકી દેશી દારૂ ગાળવા તૈયાર કરેલ ૪૮૦ લીટર વોશ કીં. રૂ.૯૬૦નો જથ્થો જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી.